કહી દે એ વાતો દટાઇ જે
મનમાં.., થઇ જા સાવ
હળવો પછી વજનમાં...
ભરી લે જે ગમતું હો
આંખોમાં આજે.., નથી
હોવાનું એકે ગજવું કફનમાં
- જીતુ પુરોહિત

આપણું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૨ | ૨ જુલાઇ, ૨૦૧૪, બુધવાર; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બજેટમાં ૪૨૨ કરોડની રાહતો, ૩૧૪ કરોડના વેરા

## રાજ્યની વાર્ષિક યોજનાના કદમાં પ્રથમવાર ૨૧ ટકાનો વધારો, કદ વધીને ૭૧૩૩૦ કરોડ

## સામાન્ય બજેટનું કદ ૧.૩૩ લાખ કરોડ, નર્મદા યોજના માટે ૯૦૦૦ કરોડની ફાળવણી



ગાંધીનગર, તા.૧

ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની સરકારમાં રજૂ કરવામાં આવેલા પ્રથમ બજેટમાં સામાન્ય જનતાને એટલી મહત્વની કોઈ મોટી રાહતો આપી નથી કે જેથી મોંઘવારીનો ભાર સહન કરી શકે, પરંતુ આ સરકારે એવા કોઈ કરવેરા પણ નાંખ્યા નથી કે જેનાથી લોકોની કેડ ઉપર વધારાનો બોજો પડે. વોટ ઓન એકાઉન્ટ પછી સુધારેલા સામાન્ય બજેટ ૨૦૧૪-૧૫માં નાણામંત્રી સૌરભ પટેલે અંદાજે ૪૨૨.૦૦ કરોડની કરવેરા રાહતો આપી છે અને ૩૧૪.૦૦ કરોડના વેરા વધારવાની દરખાસ્ત વિધાનસભામાં રજૂ કરી છે. સત્રના પહેલા દિવસે રજૂ થયેલા અંદાજે ૧.૩૩ લાખ કરોડના બજેટમાં ૪૫૩.૮૫ કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે.

નાણામંત્રી સૌરભ પટેલે વાર્ષિક યોજનાના કદમાં ૨૧ ટકાનો વિક્રમી વધારો સૂચવ્યો છે જેની રકમ -થમવાર ૭૧૩૩૦.૪૪ કરોડ થવા જાય છે. વાર્ષિક યોજનામાં સૌથી વધુ ૩૪૭૮૧ કરોડની ફાળવણી સામાજીક સેવાઓ માટે તેમજ ૧૩૦૩૫ કરોડની ફાળવણી સિંચાઈ અને પૂરનિયંત્રણમાં કરવામાં આવી છે. દેશમાં વધતા જતા પેટ્રોલ અને ડિઝલના આગઝરતા ભાવમાંથી ગુજરાતની છ કરોડની જનતાને મુક્તિ મળી શકી નથી, પરંતુ એવું આશ્વાસન આપવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકાર જે નિતી નક્કી કરે તે પ્રમાણે ગુજરાત વેટ ઘટાડવા સંમત થશે.

લોકસભાની ચૂંટણીના કારણે રાજય સરકારે ગયા ફેબ્રુઆરી મહિનામાં ચાર મહિના માટેનું ૪૦ હજાર કરોડનું લેખાનુદાન લીધું હતું ત્યારે નાણામંત્રી નિતીન પટેલ હતા પરંતુ દિલ્હીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર બનતાં અને ચીફ મિનિસ્ટરપદે આનંદીબેન સત્તારૂઢ થતાં નાણામંત્રીની જવાબદારી નિભાવતા સૌરભ પટેલે રજૂ કરેલા ફેરફારયુક્ત બજેટમાં ગયા વર્ષની સરખામણીએ ૧૭ ટકાનો વધારો છે. સૌરભ પટેલે નવી યોજનાઓમાં મહિલા, બાળકો અને ખેડૂત વર્ગની સુખાકારી માટેના પગલાં સૂચવી નવી જાહેરાતો કરી છે. આ બજેટમાં અમદાવાદ મેટ્રોરેલને પ્રગતિના પથ ઉપર લઈ જવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે. નર્મદા યોજના માટે સરકારે ૯૦૦૦ કરોડની જોગવાઈ કરી છે.

બજેટમાં ઉડીને આંખે વળગે તેવી બાબત એવી છે કે ગુજરાતના ધારાસભ્યોને તેમના મત વિસ્તારમાં ખર્ચ કરવા માટે ૫૦ લાખની જગ્યાએ એક કરોડ મળશે. પોલીસ દળની ભરતીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવામાં આવી છે. ઓકટ્રોયના વિકલ્પે નગરપાલિકા

● અનુસંધાન પાન-૭ પર

## વાર્ષિક યોજનાનું કદ ૭૧૩૩૦.૪૪ કરોડ

| સદર | જોગવાઈ (કરોડમાં) |
|---|---|
| કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૪૩૫૮.૨૦ |
| ગ્રામીણ વિકાસ | ૨૩૧૧.૩૦ |
| ખાસ વિસ્તાર કાર્યક્રમ | ૨૨૩.૮૪ |
| સિંચાઈ અને પૂર નિયંત્રણ | ૧૩૦૩૫.૨૨ |
| ઉર્જા | ૫૦૯૭.૩૫ |
| ઉદ્યોગ અને ખનિજ | ૨૨૨૩.૪૨ |
| પરિવહન (વાહન વ્યવહાર) | ૫૬૩૮.૦૦ |
| સંદેશા વ્યવહાર | ૭૬૧.૫૮ |
| વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૫૪૪.૨૫ |
| સામાન્ય આર્થિક સેવાઓ | ૨૨૩૭.૦૯ |
| સામાજિક સેવાઓ | ૩૪૭૮૧.૫૦ |
| સામાન્ય સેવાઓ | ૧૧૮.૬૫ |
| કુલ | ૭૧૩૩૦.૪૪ |

### આવકના અંદાજો (કરોડમાં)

| | |
|---|---|
| કરવેરા સિવાયની આવક | -૯૫૧૩.૯૬ |
| કેન્દ્ર સરકારનું સહાયક અનુદાન | -૧૮૮૩૫.૧૬ |
| વેચાણવેરા-વેટ | -૪૭૦૦૦.૦૦ |
| અન્ય વેરા | -૧૬૦૬૭.૫૧ |
| કેન્દ્રીય કરવેરામાં હિસ્સો | -૧૧૬૩૬.૭૭ |
| લોન-પેશગી વસૂલાત | -૧૨૩૯.૫૦ |
| જાહેર હિસાબ | -૨૯૦૦.૦૦ |
| જાહેર દેવું | -૨૪૮૯૭.૮૫ |
| કુલ | -૧૩૨૦૯૦.૭૫ |

### જાવકના અંદાજો (કરોડમાં)

| | |
|---|---|
| વિકાસલક્ષી ખર્ચ | -૯૩૬૪૮.૦૪ |
| બિન વિકાસલક્ષી ખર્ચ | -૩૨૧૦૧.૩૦ |
| જાહેર દેવાની ચૂકવણી | -૫૫૧૧.૯૭ |
| લોન અને પેશગી | -૬૪.૨૮ |
| સહાયક અનુદાન અને ફાળો | -૧૯૪.૩૧ |
| ચોખ્ખી લેવડદેવડ | -૫૭૦.૮૫ |
| કુલ | -૧૩૨૦૯૦.૭૫ |

# નર્મદા યોજના : પડોશી રાજ્ય પાસેથી ૫,૩૫૭ કરોડ લ્હેણા

## પડોશી રાજ્યોએ માત્ર ૨૧૪.૬૦ કરોડની રકમ જ ચુકવી

ગાંધીનગર, તા. ૧

વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન નર્મદા યોજના અંતર્ગત સાથી રાજ્યો પાસેથી બાકી રકમ વસુલવા અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, મે-૨૦૧૪ની સ્થિતિએ યોજના શરૂ થયેથી નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારે લેણા પેટે કુલ રૂ. ૫૩૫૭.૪૭ કરોડની રકમ લેવાની બાકી નીકળે છે. મે-૨૦૧૪ સુધીમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન સરકાર દ્વારા વર્ષ-૨૦૧૩-૨૦૧૩ અને વર્ષ-૨૦૧૩-૨૦૧૪ અને મે-૨૦૧૪ સુધીમાં કુલ રૂ. ૨૧૪.૬૦ કરોડની રકમ ગુજરાત સરકારને ચૂકવી છે. રાજ્ય સરકારની વિવિધ સ્તરે રજૂઆતના પગલે નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી મે-૨૦૧૪ સુધીમાં રૂ. ૪૦૨૧.૬૩ કરોડની રકમ પ્રાપ્ત થઈ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, બાકી રકમ વસુલવા અંગે રાજ્ય સરકારે વિવિધ સ્તરે રજૂઆતો કરી છે. જેના પરિણામ સ્વરૂપે યોજના શરૂ થયેથી મે-૨૦૧૪ સુધીમાં ભાગીદાર રાજ્યો પાસેથી કુલ રૂ. ૪૦૨૧.૬૩ કરોડની રકમ પ્રાપ્ત થઈ છે. જેમાં મધ્યપ્રદેશે રૂ. ૨૧૮૪.૧૯ કરોડ, રાજસ્થાને રૂ. ૬૯૫.૭૩ કરોડ અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા રૂ. ૧૧૪૧.૭૧ કરોડની રકમનો સમાવેશ થાય છે.

# મહત્વની જાહેરાતો

- ૨૦૧૪-૧૫માં કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય
- ત્રણ લાખ નવી રોજગારી ઉભી કરાશે
- નર્મદા યોજના માટે ૯ હજાર કરોડનું આયોજન
- સુરેન્દ્રનગર-જાગમનગરમાં નવી ઈજનેરી કોલેજો શરૂ કરાશે
- અમદાવાદમાં મેટ્રો -જેક્ટ માટે ૨૫૦ કરોડ
- સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૫૦૦ કરોડની જોગવાઈ
- સુઝલામ સુફલામ યોજના અંતર્ગત કડીથી નીકળતી પાઈપલાઈન માટે ૭૦ કરોડની જોગવાઈ

### ખેડૂતો માટે

- ૧ લાખથી વધુ કૃષિ જોડાણ આપવા માટે ૧,૦૬૨ કરોડ
- ખેડૂતોને ખેતરમાં ગોડાઉન બનાવવા લોન છ ટકાના દરે ત્રણ વર્ષ માટે વ્યાજ સહાય
- ખેડૂતો માટે પાક વિમો સહિતના વિમા ૪૬૪ કરોડની જોગવાઈ
- પાક વિમા નિધિ માટે ૧૦૦ કરોડ
- ગામના સૌથી ગરીબ ખેડૂતોને વિના મૂલ્યે કૃષિકિટ આપવા ૪૯ કરોડની જોગવાઈ

### આંગણવાડી કાર્યકરો માટે

- આંગણવાડી કાર્યકરોના પગારમાં દર મહિને રૂપિયા ૫૦૦?? વધારો મળશે
- આંગણવાડી હેલ્પરના પગારમાં દર મહિને રૂપિયા ૩૦૦?? વધારો
- મિની આંગણવાડી કાર્યકરોના પગારમાં દર મહિને રૂપિયા ૩૦૦?? વધારો

### યુવા રોજગારી માટે

- સ્વામી વિવેકાનંદ ભરતી મેળો યોજી ત્રણ લાખ યુવક યુવતીને નોકરી
- કાર્યરત રોજગારી કચેરીઓને આધુનિક બનાવવા ૧ કરોડની જોગવાઈ

### આઈટીઆઈ માટે

- સરકારી આઈટીઆઈમાં ૧૫ હજાર અને ગ્રાન્ટેડમાં ૨૫૦૦ બેઠકો વધારવા સહિતના કાર્યો માટે ૪૫૦૦ કરોડનું આયોજન
- તાલિમ હેઠળના વિદ્યાર્થીઓના માસિક સ્ટાઈપેન્ડમાં વધારા માટે રૂપિયા ૬ કરોડનું આયોજન
- આઈટીઆઈમાં છ માસથી વધુ સમયના કમ્પ્યુટર કોર્ષના તાલિમાર્થીઓને ટેબ્લેટ અપાશે
- આઈટીઆઈ પાસ યુવાનોને પોતાનો રોજગાર શરૂ કરવા લોન અને વ્યાજ સહાય

### શ્રમિકો માટે

- શ્રમીકોને પોતાનુ ઘર બાંધવા આર્થિક સહાય માટે ૨૦૦ કરોડ
- મનપા વિસ્તારમાં બાંધકામમાં રોકાયેલા શ્રમીકોને ભાડે રહેવા હંગામી સહાય માટે ૨૦ કરોડ
- બાંધકામ શ્રમીકોને કડીકામ સહિતની ઉચ્ચ તાલિમ માટે ૧૦ કરોડ
- શ્રમીકોને તબિબિ સહાય માટે ૫ કરોડ

### અનુસુચિત જાતિ, જનજાતિ અને વિકસતી જાતિ માટે

- વિજ્ઞાન -વાહમાં ૧૧-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ટ્યુશન સહાયમાં પાંચ હજારનો વધારો

● અનુસંધાન પાન-૭ પર

# બજેટ પ્રજાની આશા ઉપર પાણી ફેરવે તેવું : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા.૧

વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ સન ૨૦૧૪-૧૫ના અંદાજપત્ર પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અચ્છે દિન આને વાલે હૈ, મગર યે તો મહેંગે ઓર બુરે દિન યે ગુજરાતકી પ્રજા કે લીયે આયે, મોંઘવારી ઘટાડીશું એવી આશા દેશની પ્રજાને આપી મતદારો પાસેથી ખોબલે ખોબલે મત મેળવી કેન્દ્રમાં સરકાર રચ્યા પછી ડીઝલ અને પેટ્રોલના ભાવમાં કેન્દ્ર સરકારે ધરખમ ભાવ વધારો કરી પોતાની આવકમાં વધારો કરી દેશની અને રાજ્યની પ્રજાને છેતરી રહી છે તેની સામે રાજ્ય સરકારે જે ટેક્ષ ઘટાડો કરવો જોઈએ તે નહીં કરીને ગુજરાતની પ્રજાની આશા ઉપર પાણી ફેરવી વાળ્યું છે.

એક બાજુ મોંઘવારીથી પીસાતી ગુજરાતની જનતાને આશા હતી અને ભાજપે આશા આપી હતી કે સારા દિવસો આવશે મોંઘવારી ઘટાડીશું પણ ૨૦૧૪-૧૫નું ગુજરાત સરકારનું બજેટ જોતાં આ આશા સાવ ઠગારી નીવડી છે. સરકારની મહેસુલી આવક વધી છે ત્યારે તેનો ફાયદો પ્રજાને મળતો જોઈએ તેના બદલે ટ્રાન્સપોર્ટ, પબ્લીક ટ્રાન્સપોર્ટ અને કન્સ્ટ્રક્શનની સ્ટેમ્પ ડ્યુટી / ચાર્જીસમાં વધારો કરવામાં આવ્યો છે. જેથી મોંઘવારીમાં રાહત થવાને બદલે મોંઘવારી વધશે. ગુજરાતની પ્રજા માટે ૫૦ લાખ મકાનો બનાવી આપવાની માયાજાળ ઉભી કરી આજ સુધી તેના માટે કોઈ નક્કર આયોજન ભાજપની સરકારે કરવાને બદલે પ્રજાની લાગણીઓ સાથે ચેડા કરી હાઉસીંગ બોર્ડના ડ્રોમાં ગોટાળો કાર્યાની પ્રજાએ ફરિયાદ કરી છે અને ડ્રો પણ સરકારે રદ કરવા સુધીનું પગલું લેવું પડ્યું છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા એટલી બધી કથળી ગઈ છે કે, બે વર્ષની બાળા ઉપરથી માંડી યુવતીઓ અને મહિલાઓ ઉપર બળાત્કારના બનાવો રોજબરોજના જાહેરમાં અને ખુલ્લેઆમ થવા માંડ્યા છે. સરકાર તેને રોકી શકતી નથી અને માત્ર મૂક પ્રેક્ષક બની ગઈ છે.

# મહાનગરપાલિકાને ઓક્ટ્રોય નાબુદી પેટે વધુ ૨૫ ટકા ગ્રાન્ટ

## મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક માટે રૂ. ૧૪૪ કરોડની જોગવાઈ નેશનલ લો યુનિ. કેમ્પસના વિકાસ માટે રૂ. ૩૦ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા. ૧

રાજ્યના નાણાંમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં રજુ કરેલા સુધારેલા અંદાજપત્રમાં ગાંધીનગરને લઈ કેટલીક મહત્વની જાહેરાત કરી છે.

નાણાંમંત્રીશ્રીએ કરેલી જાહેરાતોમાં ગાંધીનગર મહાનગરપાલિકાને ઓક્ટ્રોય નાબુદી અપાતી ગ્રાન્ટમાં ૨૫ ટકાનો વધારો કરવાના મહત્વના નિર્ણયની જાહેરાતનો સમાવેશ થાય છે. આ જાહેરાતને પગલે ગાંધીનગર મહાનગરપાલિકાને અંદાજે રૂ. ૩ કરોડ જેટલી વધુ ગ્રાન્ટ મળશે.

# બજેટમાં ગાંધીનગર

આ ઉપરાંત રાજ્યના નાણાંમંત્રીશ્રીના પ્રવચનમાં કેટલીક મહત્વની જાહેરાતો સમાવાઈ હતી તે આ પ્રમાણે છે.

- ગાંધીનગર મેડીકલ કોલેજના કામ માટે અંદાજે રૂ. ૨૦૦ કરોડની ફાળવણી
- ગાંધીનગર, નવસારી, વાંસદા અને દાહોદ ખાતે નવી સરકારી નિવાસી શાળાઓ અને છાત્રાલયો માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ.
- મહાત્મા મંદિર ફેઝ-૨ માટે રૂ. ૧૨૦ કરોડ તેમજ સ્વર્ણિમ પાર્ક માટે રૂ. ૨૪ કરોડની જોગવાઈ.
- પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી ૩ થી ૯ જાન્યુારી દરમ્યાન મહાત્મા મંદિર ખાતે કરાશે.
- ગુજરાત પેટ્રોકેમિકલ્સ હબ બની રહ્યું છે તેને ધ્યાને રાખી એક લાખ ચો.મી. વિસ્તારમાં ઈન્ડિયા પ્લાસ્ટ પ્રદર્શન કપ સેમિનાર ૨૦૧૫નું આયોજન કરાશે.
- જિલ્લાના ૧૦ ગામોમાં વર્ષો પછી પદ્ધતિસરની ગામઠાણ મોજણી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરાશે.
- ગાંધીનગર, વલસાડ, દાહોદ ખાતે જેલોના નવા બાંધકામ તેમજ અન્ય નવી બેરેક્સ બાંધવા માટે રૂ. ૨૨.૭૫ કરોડની જોગવાઈ.
- કંથારપુર વડ અને કબીરવડ જેવા હેરિટેજ વૃક્ષોના સંરક્ષણ અને સંવર્ધન માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- ગુજરાત નેશનલ લૉ યુનિ. ના કેમ્પસના વધુ વિકાસ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.

BANK CLERK (IBPS)
શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ
4 માસનો અભ્યાસક્રમ
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | બપોરના 2-45 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 17.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.07.2014 | સવારના 10-30 થી 12-00 | સોમ થી શુક્ર |

કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ
માસ્ટર કોર્ષ-2014
4 માસનો અભ્યાસક્રમ
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 10.07.2014 | સાંજના 4-30 થી 6-00 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 11.07.2014 | સાંજના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 15.07.2014 | બપોરના 12-15 થી 1-45 | સોમ થી શુક્ર |

GPSC (1/2) Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
CSAT/GS 351 કુલ જગ્યાઓ
પરીક્ષા તારીખ 12.10.2014
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE... FREE...

ગાંધીનગર શાખા માટે

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 04.07.2014 | સવારના 10-30 થી 12-30 | સોમ થી શુક્ર |
| 02.07.2014 | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 06.07.2014 | સવારના 8-45 થી બપોરના 3.00 | રવિવાર |
| 12.07.2014 | સાંજના 6-30 થી 10-30 | શનિ / રવિ |

મહેસાણા શાખા માટે

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 04.07.2014 | સવારના 8-15 થી 10-15 | રવિ થી ગુરૂ |
| 13.07.2014 | સાંજના 6-00 થી 9-30 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
પેથાપુર શાખા 03.07.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

જોઈએ છે
ગાંધીનગરથી નજીક પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે મેડીકલ ઓફીસર (MBBS) અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો.
- સેક્રેટરીશ્રી -
શેઠ એન. એન. સાર્વજનિક હોસ્પિટલ
રાંધેજા, તા. જી. ગાંધીનગર